# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા.૧.૧.૨૦૨૬

- **એનએસયુઆઈ દ્વારા સ્કુલ, કોલેજોમાં તા.૨ જાન્યુઆરીથી "ડ્રગ્સ મુક્ત કેમ્પસ" કેમ્પેઈનનો પ્રારંભ: ૧૦૦૦ જેટલા શૈક્ષણિક કેમ્પસમાં યોજાશે સંવાદ સાથે સંકલ્પ.**
- **ગુજરાતના ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે ડ્રગ્સ વિરુદ્ધ લડાઈ એ આપણી નૈતીક ફરજ**
- **ગુજરાતના યુવાનો લેશે ડ્રગ્સ મુક્ત કેમ્પસ માટે પ્રતિજ્ઞા "હું ડ્રગ્સ લઈશ નહીં કે લેવા દઈશ નહીં"**

ગુજરાતમાં ચાલતા ડ્રગ્સ, દારૂનો બેફામ વેપલાને રોકવા અને શાળા, કોલેજનાં કેમ્પસને ડ્રગ્સ મુક્ત કેમ્પસ બનાવવાના સંકલ્પ સાથે એનએસયુઆઈના કેમ્પેઈનની વિગત અંગે એનએસયુઆઈના પૂર્વ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીએ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં બેરોકટોક ડ્રગ્સના કાળા કારોબાર અંગે લડત ચલાવશે. ગામડાઓ અને કોલેજ સુધી ડ્રગ્સ પહોંચ્યી ગયું છે. ગુજરાતના ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે. એનએસયુઆઈ પોતાની નૈતીક ફરજ સમજીને આ લડાઈ શરૂ કરી રહી છે. "ડ્રગ્સ મુક્ત કેમ્પસ" ના નેજા હેઠળ આ અભિયાન અમે શરૂ કરવા જઈ રહ્યા છે ડ્રગ્સના અલગ અલગ પ્રકાર છે જે કોલેજ કેમ્પસમાં આસાનીથી મળે છે.ડ્રગ્સ પેડલર છટકબારી શોધીને કોલેજ કેમ્પસમાં પહોંચી રહ્યા છે ૧૭૦૦ થી વધારે ડ્રગ્સના કેસ નોંધવામાં આવ્યા જેમાં કન્વિક્શન રેશિયો ખૂબ ઓછો છે. સરકાર જનતાને આંકડાની માયાજાળમાં ફસાવવાનું કામ કરી રહી છે. નાના પેડલરોને પકડીને આત્મસંતોષ માની લેવાનું કામ સરકાર કરી રહી છે. પોર્ટના માધ્યમથી આવે છે તો એમની સામે પગલાં લો, એમની આંખમાં આંખ નાખીને બોલવાની હિંમત સરકારમાં નથી. બિનવારસી જથ્થો મળી આવે એવું કેવી રીતે હોય, આ જથ્થો કોનો હતો? તે સવાલ ગુજરાતનો યુવાન પૂછી રહ્યો છે. સરકાર ઉંડાણપૂર્વક તપાસ થાય તે જરૂર છે

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત એનએસયુઆઈના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે આ રાજકારણનો વિષય નથી પણ આ મુદ્દાને નાથવા માટે અમે આગળ આવ્યા છીએ. નવા વર્ષે ગુજરાત એનએસયુઆઈનો સંકલ્પ "ડ્રગ્સ મુક્ત કેમ્પસ" થકી ગુજરાત અને કોલેજમાં 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' ચાલુ કરવામાં આવશે. તમામ કેમ્પસના યુવાનો "હું ડ્રગ્સ લઈશ નહીં કે લેવા દઈશ નહીં" તેવી પ્રતિજ્ઞા લેશે. વર્ષ ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ડ્રગ્સના રવાડે ચઢી રહ્યા છે. ગુજરાતમાં ૨૦ લાખ યુવાનો ડ્રગ્સ-દારૂનાં બંધાણી બન્યા છે જે ખુબ ચિંતાજનક છે. ગુજરાતના યુવાનોને ડ્રગ્સથી દૂર રાખવા માટેનો અમારો પ્રયાસ છે. આવતીકાલે ઠાકોરભાઈ દેસાઈ હોલમાં ૨ વાગ્યે ડ્રગ્સ વોરિયર આવશે. તા.૫ થી ૨૦ જાન્યુઆરી સુધીમાં ૧૦૦૦ કેમ્પસમાં અમારા વોરિયર ડ્રગ્સથી દૂર રાખવા માટે અવેરનેસ કેમ્પેઈન ચલાવશે. ગુજરાતના જુદા જુદા કેમ્પસમાં ટ્રસ્ટીઓ અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી છે અને તેમને પણ તૈયારી બતાવી. કેટલાક એવા પણ છે કે તેમણે આ કાર્યક્રમો ના કરવાની વાત કહી છે તો એમની સામે સવાલ પણ છે અને આશ્ચર્ય પણ આ વ્યક્તિગત કે રાજકીય મુદ્દો નથી, જેમાં બધા યુવાનો જોડાય. વિદ્યાર્થીઓ સાથે જેણે ચર્ચા કરશે અને અમારો વીડિયો યુવાનો અને માતા પિતા સુધી પહોંચાડીશું

'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' અન્વયે યોજાયેલ પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર એનએસયુઆઈના પ્રમુખશ્રી ચિરાગ દરજી, પ્રદેશ એનએસયુઆઈનાં હોદ્દેદાર નારણ ભરવાડ, વેદાંત તોમર,આશિષ કટારિયા સહિતના પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. એનએસયુઆઈ દ્વારા ડ્રગ્સ મુક્ત કેમ્પસ માટેનું સત્તાવાર પોસ્ટર અને લોગો સાથેનું ટી-શર્ટ રીલીઝ કરવામાં આવ્યું હતું.

ડૉ.હિરેન બેન્કર,
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ.